ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૬ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૯૭ ટકા

# ગ્રીન ગાંધીનગર માટે પુનઃ લોકલડતના મંડાણ

## હરિયાળુ ગાંધીનગર બચાવવાના નિર્ધાર સાથે ગુરૂવારે સાંજે ચ-0 સર્કલ ખાતે લોક બેઠક યોજાશે



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાંથી પસાર થતા નેશનલ હાઈવેને છ માર્ગીય બનાવવા માટે ચિલોડાથી સરખેજ તરફના વિસ્તારમાંથી હજારો વૃક્ષોની થઈ રહેલ છેદનની પ્રવૃત્તિ સામે જાગૃત નાગરિકો અને પર્યાવરણ પ્રેમીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે. આ પર્યાવરણ વિરોધી પ્રવૃત્તિ સામે વિરોધ વ્યકત કરી નગરની હરિયાળી બચાવવાના મકકમ નિર્ધાર સાથે ગાંધી ચિંધ્યા માર્ગે લોક આંદોલન શરુ કરવામાં આવનાર છે. જે અંતર્ગત ઈન્ફોસિટી નજીકના ચ-0 થી ઘ-0 વિસ્તારના ચ-0 સર્કલ ખાતે તા. ૨૦ જૂનના રોજ સાંજે ૫.૩૦ વાગ્યે શાંત ધરણા અને દેખાવ બાદ લોક બેઠક યોજાશે. જેમાં ભાવિ આંદોલનાત્મક કાર્યક્રમો ઘડી સેવ ગ્રીન ગાંધીનગર- 'હરિયાળુ ગાંધીનગર બચાવો'ની લડતના મંડાણ કરાશે.

કેન્દ્રીય પરિવહન વિભાગ દ્વારા સમગ્ર દેશમાં નેશનલ હાઈવેના વિકાસ માટે ૨૦૦ કરોડથી વધુ વૃક્ષો કાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગરના ચિલોડાથી ચ-0, ઘ-0 સર્કલ થઈ સરખેજ સુધીના વિસ્તારમાં સિકસલેન રોડના નિર્માણ માટે હજારોની સંખ્યામાં વૃક્ષો કાપવામાં આવનાર છે. જે પૈકી મોટાભાગના વૃક્ષો દૂર કરી આ કામગીરી હજી ચાલુ રાખવામાં આવતા સ્થાનિક નાગરિકો રોષે ભરાયા છે. શહેરની વિવિધ સંસ્થાઓ, જાગૃત નાગરિકો તથા પર્યાવરણ પ્રેમીઓએ બેફામ વૃક્ષછેદનની આ પ્રવૃત્તિ સામે લડતના મંડાણ કરી કેન્દ્રીય પરિવહન મંત્રીને આવેદનપત્ર આપી, હજારો પોસ્ટકાર્ડ લેખનના માધ્યમથી સિકસલેન પ્રોજેકટ સંદર્ભે અન્ય વિકલ્પ ગોઠવી પાટનગરની હરિયાળી અને કિમતી પર્યાવરણ બચાવવાની સામુહિક અપીલ કરવા ઉપરાંત લાખોની સંખ્યામાં સહી ઝુંબેશ, અનશન-ધરણાં, દેખાવ, ચીપકો આંદોલન જેવા કાર્યક્રમોથી લઈ કાનૂની લડત પણ આપવાનો મકકમ નિર્ધાર કર્યો છે.

ગાંધીનગરના અત્યંત આકર્ષક જે હરિયાળા વિસ્તારમાંથી વૃક્ષોની કત્લેઆમ થવાની તૈયારી છે તેવા ઈન્ફોસિટી નજીકના ચ-0 થી ઘ-0 વિસ્તારના ચ-0 સર્કલ ખાતે તા. ૨૦ જૂનના રોજ સાંજે ૫.૩૦ વાગ્યે શાંત ધરણા અને દેખાવ બાદ લોક બેઠક પણ યોજાશે. જેમાં ભાવિ આંદોલનાત્મક કાર્યક્રમો ઘડી હરિયાળુ ગાંધીનગર બચાવોની લડતના મંડાણ કરશે. વૃક્ષો અને પર્યાવરણ બચાવવા માટેના આ લોક આંદોલનમાં જોડાઈ-નાગરિક ધર્મ અદા કરવા શહેરની તમામ સ્વૈચ્છિક, સામાજીક, શૈક્ષણિક, ધાર્મિક સંસ્થાઓ, વિવિધ સંગઠનો, નાગરિકો તથા પર્યાવરણ પ્રેમીઓને ચ-0 સર્કલ ખાતે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા અગ્રણી સભ્ય અરૂણભાઈ બુચ દ્વારા જણાવાયું છે.

# વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે નહેરુ યુવા કેન્દ્રનું સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકલન

## સવારે યોગ નિદર્શન બાદ યુથ હોસ્ટેલ ખાતે યુવા સંમેલનનું પણ આયોજન : અન્ય બે તાલુકાઓમાં પણ યોગ નિદર્શન યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં તા. ૨૧મી જૂને 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ઉજવણીમાં સરકારી અર્ધસરકારી વિભાગો, પોલીસ, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરે સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ પણ મોટા પ્રમાણમાં જોડાનાર છે. શહેરમાં જિલ્લા કલેકટર દ્વારા નહેરુ યુવા કેન્દ્રના વિવિધ સ્વૈચ્છિક તથા શૈક્ષણિક સંસ્થાઓનું સંકલન સાધી વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં જોડવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે જે અંતર્ગત એનવાયકેના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓને જોડાવા પ્રેરીત કરી રહ્યા છે.

નેહરુ યુવા કેન્દ્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, જિલ્લાના યુવા મંડળો, મહિલા મંડળો તથા એનએસએસ એકમોને જોડાવા સાથે અન્ય વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. એનવાયકે દ્વારા યોગ દિવસની ઉજવણી નિમિત્તે જિલ્લાના બે તાલુકામાં યુથ પાર્લામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ સેકટર-૧૬માં ૧૧ કલાકે યુવા સંમેલનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે એક માર્ગદર્શિકા વિડીયો ફિલ્મનું નિદર્શન પણ યોજાશે. એનવાયકે દ્વારા સ્વર્ણિમ પાર્ક ઉપરાંત યુથ હોસ્ટેલ ખાતે સવારે ૬.૩૦ થી ૭.૩૦ દરમિયાન યોગ નિદર્શન યોજાશે. આ સાથે દહેગામ તાલુકાના હાલીસા તથા કલોલ તાલુકાના આમજા ખાતે પણ યોગ નિદર્શન યોજાશે. યુથ હોસ્ટેલ ખાતે યોજાનાર યુવા સંમેલનમાં એનવાયકેની વિવિધ ફલેગશીપ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવે છે.

# ગાંધીનગર તાલુકા ઠાકોર સેના દ્વારા સમાજના તેજસ્વી તારલાઓને સન્માન સમારોહ યોજાયો




ગાંધીનગર તાલુકા ઠાકોર સેના દ્વારા વર્ષ ૨૦૧૯માં ધોરણ ૧૦ ને ૧૨માં જવલંત શૈક્ષણિક સફળતા હાંસલ કરનાર તેજસ્વી બાળકોનો સન્માન સમારોહ કડી સર્વ વિદ્યાલય કોલેજ ગેટ નં. ૧ બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ સે-૨૩ ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના ઠાકોર સેનાના પ્રમુખ ગોવિંદસિંહ સોલંકી, મુખ્ય મહેમાન પદે બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઢાલા, પ્રદેશ પ્રમુખ જગતસિંહ તેમજ ગાંધીનગર તાલુકાના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં બાળકોને પારિતોષિક ટ્રોફી, ઠાકોર સેના પુરસ્કાર એનાયત કરી તેજસ્વી તારલાઓ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરી સમાજ અને ગામનું ગૌરવ વધારે તેવી શુભેચ્છાઓ પાઠવી સફળતાને બિરદાવી હતી.

# સરગાસણ પાસે આઈ-૧૦ કાર સળગી



ન્યુ ગાંધીનગર ગણાતા સરગાસણ ચોકડી પાસે આજે સવારના ૧૧ વાગ્યાના અરસામાં અમદાવાદ ઈસનપુર વિવેકાનંદ રેસીડન્સી ખાતે બી.૫૦૪ માં રહેતા પરેશભાઈ બી પટેલની આઈ ટેન કાર નં.જી.જે.૨૭.સી.૨૭૬૦ અચાનક શોર્ટ સર્કિટને પગલે સળગી ઉઠી હતી. જયારે બનાવ અંગે ફાયર બિગ્રેડને જાણ કરતા તાત્કાલીક આવી જઈને સળગતી કાર પર પાણીનો મારો ચલાવી આગ બુઝાવી દીધી હતી. જો કે કારનો મોટાભાગનો હિસ્સો બળીને ખાક થઈ જવા પામ્યો છે. જયારે માર્ગ પર કાર સળઘી ઉઠતા માર્ગ પર જતા વાહનચાલકો અને નાગરીકો એકઠા થઈ ગયા હતા.

# રાજયના ટેટ-ટાટ પાસ ઉમેદવારો સત્યાગ્રહ છાવણી ખાતે ઉમટી પડ્યા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મંગળવારના રોજ સવારે રાજયભરમાંથી ટેટ-ટાટ પાસ ઉમેદવારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ગુજરાત ટેટ-ટાટ પાસ ઉમેદવાર સમિતિના નેજા હેઠળ ઉમેદવારોએ રાજયમાં માધ્યમિક અનો ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઝડપી ભરતી પ્રક્રિયા કરવામાં આવે તેમજ રાજય સરકાર દ્વારા ટેટ-ટાટ પાસ ઉમેદવારો માટે ભરતીની મોટી જાહેરાત કરવામાં આવે તે માટે આજે રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

ગુજરાત રાજયની સરકારી અને અર્ધસરકારી માધ્યમિક અનો ઉચ્ચતર માધ્યમિક શાળામાં છેલ્લા ઘણા સમયથી શિક્ષકોની ઘટ વર્તાઈ રહી છે. શિક્ષકોની ઘટને પગલે વિદ્યાર્થીઓના અભ્યાસ પર માઠી અસર પહોંચે છે. ત્યારે રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ઝડપી મોટી જાહેરાત કરીનો ટેટ-ટાટ પાસ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી ટેટ-ટાટ પાસ ઉમેદવારોની માંગણી અને લાગણી છે. જો શિક્ષકોની ઘટથી સરકારી અને બિન સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહી જાય છે. તો બીજીતરફ પ્રવાસી



ટેટ-ટાટ પાસ ઉમેદવારોની માંગણીને સત્વરે તંત્ર દ્વારા નહીં ઉકેલવામાં આવે તો આગામી સમયમાં ટેટ-ટાટ પાસ ઉમેદવારો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચિમકી ઉમેદવારોએ ઉચ્ચારી છે.

ઉચું મેરીટ ધરાવતા ઉમેદવારો શિક્ષક બનવા માટે ની લાયકાત ધરાવે છે પરંતુ ક્રમ મુજબ અને મોટી ભરતી ન થવાથી નોકરીથી વંચિત રહી જાય છે. રાજયમાં ધો-૯ થી ૧૨ માં શિક્ષકોની મોટી ઘટ છે શિક્ષકોની ભરતીથી શાળામાં શિક્ષણનું સ્તર કથળતુ જાય છે. તો તેના સ્થાને યોગ્ય લાયક ઉમેદવારોની ભરતી કરવામાં આવે. રાજયમાં માધ્યમિક બિન સરકારી શાળામાં ૨૯૧૫ અને ઉચ્ચતર માધ્યમિક બિન સરકારી શાળામાં ૨૩૬૯ ની જાહેરાત કરાઈ હતી, પરંતુ તેની અમલવારી કરાઈ નથી. ત્યારે સરકાર દ્વારા ટેટ-ટાટ પાસ ઉમેદવારોની ભરતી માટે મોટી જાહેરાત કરવામાં આવે તેવી ઉમેદવારોની લાગણી અને માંગણી છે.

# ગાંધીનગરને પ્લાસ્ટિક કચરામાંથી મુક્ત કરવાના પગલાંનો જ પરોક્ષ વિરોધ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં સ્થાનિક નાગરિકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ફરી એકવાર ભજવેલી ભૂમિકાને છાપામાં વાંચવા મળી. આ સમાચાર મુજબ, કોર્પોરેટર્સ મહાનુભાવોએ અન્ય મુદ્દાને આગળ ધરીને, ગાંધીનગર શહેરને પ્લાસ્ટિકના કચરાની ગંદકીમાંથી સ્વચ્છતા તરફ લઈ જવાનું પગલું ભરવામાં વિલંબ કરવાના ભાગીદાર બનવાનું પરોક્ષ રીતે ઉચિત માન્યું હોય તેમ જણાય છે. આમ, લોકશાહીમાં મળેલ વિરોધ કરવાના તેઓને મળેલ હક્કના નેજા હેઠળ કદાચ અપ્રકૃત આનંદ મળ્યો હશે, પરંતુ આમ કરવાથી ગંદકીના સામ્રાજય સામે અસહકારનું તેઓનું માનસપટ જનસમૂહ સમક્ષ ખુલ્લું થયું છે, જે આ શહેરનું દુર્ભાગ્ય ગણયા તે સ્વાભાવિક છે.

પ્લાસ્ટિકના કચરાના લોકોને સ્પર્શતા આવા વ્યાપક મુદ્દે, મહત્તમ ભૂમિકા ગાંધીનગરના જ રહીશો, વિભિન્ન વ્યવસાયકો, રોજગાર-ધંધાર્થીઓ અને સ્થાનિક તંત્રની છે. અલબત્ત, આ તમામ હિતધારકો મારફતે પ્લાસ્ટિક કચરાથી મુક્ત બનાવવાના અભિયાન અંગેની સાફ નિયત, સહિતની રાજકીય ઈચ્છાશક્તિ કાયદાઓ રૂપે છલોછલ છે. ત્યારે, વર્તમાન નિયમોનુસાર સ્થાનિક સંસ્થાના બાયલૉઝમાં પણ ઉચિત સુધારાઓ ન કેવળ આવકાર્ય છે, પરંતુ, વૈદ્યાનિક રીતે આવશ્યક છે.

આ સંજોગોમાં, વહીવટી તંત્રએ પણ સૂચિત બાયલૉઝના મહત્વના સુધારાઓના મુદ્દાઓના ટૂંકસાર સહિત લોકપ્રતિનિધિઓને આગોતરી જાણ કરવામાં, શક્યતઃ ચૂક થયેલ હોય, તેવા કિસ્સામાં પણ જવાબદારી વણ માંગે નિભાવવી જોઈએ.



ગાંધીનગરમાં બે દિવસ વરસાદી વાતાવરણ રહ્યા બાદ આજે સવારથી વરસાદી ઝાપટાં પડી રહ્યા છે. વરસાદી ઝાપટાં પડતા વસાહતીઓ આનંદમાં આવી ગયા છે. ચાની કીટલીઓ પર ભારે ભીડ જોવા મળી રહી છે. ચાની ચૂસકી ભરી વસાહતીઓએ વરસાદના આગમનને વધાવ્યું હતું.

# બેંક ઓફ બરોડાના 'લાઈવ રેડિયો'ના ૫૦ એપિસોડની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૮

બરોડા એપેકસ એકેડમી દ્વારા બેંક ઓફ બરોડાના કર્મચારીઓ માટેનું ઈ-લર્નિંગ પ્લેટફોર્મ બરોડા ગુરુકુળ ચલાવાય છે. જેની વિશિષ્ટ સુવિધા 'બરોડા લાઈવ રેડિયો' થોડા સમય પૂર્વે જ બેંકના ૧૧૧મા




સ્થાપના દિવસે લોન્ચ કરવામાં આવ્યો હતો. ટૂંકા ગાળામાં બરોડા લાઈવ રેડિયો લોકપ્રિય બની જવા પામ્યો છે અને તાજેતરમાં જ તેનો ૫૦મો એપિસોડ પણ પ્રસારિત થતા સમગ્ર બીઓબી પરિવારમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

બરોડા લાઈવ રેડિયોનો ૫૦મો એપિસોડ તા. ૧૪મી જૂને પ્રસારિત થયો હતો. આ સિધ્ધિની ઉજવણીનું આયોજન તા. ૧૭મી જૂને કરવામાં આવ્યું હતું. જેમાં બેંકના કાર્યકારી નિર્દેશક શાંતિલાલ જૈન, બરોડા એપેકસ એકેડેમીના મુખ્ય શિક્ષણ અધિકારી અર્ચના પાન્ડેય તથા એકેડેમીના પ્રમુખ પંકજ જાનીના હસ્તે કેક કાપવામાં આવી હતી. આ પ્રસંગે શાંતિલાલ જૈન દ્વારા બરોડા રેડિયો લાઈવની ટેગલાઈન 'દિલસે કહો, દિલસે સુનો'નું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે બરોડા લાઈવ રેડિયોનું પ્રસારણ દર શુક્રવારે ૪.૩૦ કલાકે એક કલાક સુધી કરવામાં આવે છે. જો કે કર્મચારીઓ આ એપિસોડનું પુનઃપ્રસારણ સપ્તાહમાં ચોવીસે કલાક ગમે ત્યારે સાંભળી શકે છે. જેમાં લીડર્સ ટોક, સકસેસ સ્ટોરી, જ્ઞાન સંગમ, કર્મચારી શાખા કનેકટ જેવા વિવિધ સેગમેન્ટસનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# શ્રી ગાંધીનગર મોદી સમાજનું ગૌરવ



વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજમાં બી.ઈ. (આઈ.ટી.)માં અભ્યાસ કરતા અને શ્રી ગાંધીનગર જિલ્લા મોદી સમાજના કન્વીનર શ્રી અલકેશકુમાર સોમાલાલ મોદીના સુપુત્ર અંકિત અલકેશકુમાર મોદીએ ૬-૭ એપ્રિલના રોજ પંડિત દિન દયાળ યુનિવર્સિટી ખાતે યોજાયેલ ગુજરાત સરકાર દ્વારા ગ્રાન્ડ ફીનાલે ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકેથોન ૨૦૧૯માં સ્મોલ સેકટરનો પ્રોજેકટ બનાવી બીજો નંબર મેળવી માનનીય શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હાથે પ્રમાણપત્ર તથા રૂ. ૩૫૦૦૦ના ચેક સાથે બહુમાન મેળવેલ છે. આ પ્રસંગે કોલેજના પ્રિન્સીપાલ તથા પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહેલ હતા. જે સમગ્ર મોદી સમાજનું ગૌરવ છે.

# જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ ખાતે એન્ટી રેગીંગ વિશે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

નામદાર સુપ્રિમકોર્ટના આદેશ અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે એક એન્ટી રેગીંગ કાનૂની શિક્ષણ જનજાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં કોર્ટના પેરા લીગલ વોલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા એન્ટી રેગીંગના કેન્દ્રીય કાયદાઓ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની સુપ્રિમકોર્ટની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી જારી કરેલી સુચનાઓ તથા દેશના ૧૨ રાજયો જેમાં રેગીંગ નાબુદી માટે પસાર કરાયેલ પોતાના કાયદાઓ જેમાં ખાસ કરીને તાજેતરમાં મહારાષ્ટ્ર મુંબઈમાં ડૉ. પાયલ તડવીએ કરેલી આત્મહત્યામાં તેને પરેશાન



કરનાર ત્રણ લેડી ડૉકટરો સામે લાગુ કરેલ કલમો-કાયદા વિશે વિસ્તૃત છણાવટ દ્વારા માર્ગદર્શન પુરું પાડયું હતું.

આ શિબિરમાં કોલેજ તરફથી ડૉ. અંકુલ ઝાલાવાડિયા અને ડૉ. સુદર્શન ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. કોર્ટ તરફથી પીએલવી મનસુખભાઈ કોટેચાએ જરુરી માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપ્યું હતું. આ શિબિરમાં કોલેજના ડીન માનનીય શ્રીમતી શોભના ગુપ્તાએ સંપૂર્ણ સાથ સહકાર આપી શિબિર સંપન્ન કરવા સહયોગ આપ્યો હતો.